આજની પ્રાર્થના....
માનવતાની ધર્મભાવના,
હૈયે સૌ માનવ લાવે,
વેર-ઝેરના પાપ તજીને,
મંગળ ગીતો એ ગાવે

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૨ | ૨ જુલાઈ, ૨૦૨૧, શુક્રવાર; જયેષ્ઠ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાંધણ ગેસ સિલિન્ડરમાં ૨૫ રૂપિયાનો તોતિંગ વધારો

**પેટ્રોલ-ડિઝલના વધતા ભાવ વચ્ચે એક વધુ મોંઘવારીનો બુસ્ટર ડોઝ : ૧૪.૨ કિગ્રાનો સિલિન્ડર ૮૦૯ની જગ્યાએ ૮૩૪.૫૦ રૂપિયામાં મળશે**



નવી દિલ્હી,તા.૧

મોંઘવારીનો માર ઝેલી રહેલી જનતાને વધુ એક થપાટ પડી છે. પેટ્રોલ ડીઝલના ભાવ પહેલેથી જ આભને આંબે છે ત્યારે હવે સરકારી ઓઈલ કંપનીઓએ રાંધણ ગેસના ભાવ પણ વધાર્યા છે. દિલ્હીમાં આજથી ૧૪.૨ કિલોગ્રામવાળો સિલિન્ડર ૮૦૯ રૂપિયાની જગ્યાએ ૮૩૪.૫૦ રૂપિયામાં મળશે. એટલે કે સીધો ૨૫.૫૦ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે. સરકારી ઓઈલ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે ગેસ સિલિન્ડરના ભાવમાં ફેરફાર કરે છે. આ અગાઉ ૧ મેના રોજ ગેસ કંપનીઓએ LPG Gas Cylinder ના ભાવામાં કોઈ ફેરફાર કર્યો નહતો. તે પહેલા એપ્રિલમાં એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦ રૂપિયાનો ઘટાડો થયો હતો. જયારે ફેબ્રુઆરી અને માર્ચમાં ભાવ વધ્યા હતા. મુંબઈમાં પણ ૧૪.૨ કિલોગ્રામવાળા એલપીજી સિલિન્ડરોનો ભાવ હવે ૮૩૪.૫૦ રૂપિયા છે. જયારે અત્યાર સુધી ૮૦૯ રૂપિયા હતો. કોલકાતામાં એલપીજી સિલિન્ડરનો ભાવ ૮૩૫.૫૦

● અનુસંધાન પાન-૭ પર

## સાવચેતી, રસીકરણથી કોરોનાની ત્રીજી લહેર ટળી શકે છે : ગુલેરીયા

**કેસ ઘટી રહ્યાં છે પરંતુ કેટલાક ક્ષેત્રોમાં પોઝિટિવિટી રેટ હજુ પણ વધુ, તે ક્ષેત્રમાં વધુ આક્રમક રીત અપનાવવાની જરૂર પર ભાર મુકતા એમ્સના વડા**

નવી દિલ્હી, તા. ૧

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (એઆઈઆઈએમએસ) ના ડાયરેક્ટર ડો. રણદીપ ગુલેરિયાએ ગુરૂવારે કહ્યુ કે, જો લોકો સાવધાન રહે અને ભારત મોટી સંખ્યામાં રસીકરણ કરવામાં સક્ષમ રહ્યું, તો બની શકે કોરોનાની ત્રીજી લહેર ન આવે. ગુલેરિયાએ કોરોનાની ત્રીજી લહેર વિશે વાત કરતા સમાચાર એજન્સી એએનઆઈને જણાવ્યું કે, આ તે વાત પર નિર્ભર કરે છે કે આપણે કેવો વ્યવહાર કરીએ છીએ. જો આપણે સાવધાન રહ્યાં અને વેક્સિનેશનનું કવરેજ સારૂ રહ્યું તો બની શકે ત્રીજી લહેર ન આવે અને જો આવે તો નબળી પડી જાય.

રસીના મિશ્રણ પર પોતાના વિચાર વ્યક્ત કરતા એમ્સના ડાયરેક્ટરે કહ્યું કે, રસીના મિશ્રણ પર વધુ ડેટાની જરૂર છે. તેને લઈને સંશોધનો આવ્યો છે, જે કહે છે કે તે પ્રભાવી હોઈ શકે છે, પરંતુ સામાન્યથી વધુ આડઅસર જોવા મળી શકે છે. અમને તે કહેવા માટે હજુ વધુ ડેટા જોઈએ કે આ એવી નીતિ છે જેને અજમાવી શકાય.

દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા વિશે વાત કરતા ડો. ગુલેરિયાએ સૂચન કર્યુ કે કેટલાક એવા ક્ષેત્ર છે જ્યાં પોઝિટિવિટી વધુ છે. આ ક્ષેત્રમાં પ્રસાર રોકવા માટે કડક વલણ અપનાવવાની જરૂર છે. તેમણે કહ્યું કે, કેસ ઘટી રહ્યાં છે પરંતુ કેટલાક ક્ષેત્ર એવા છે જ્યાં પોઝિટિવિટી રેટ હજુ પણ વધુ છે, આપણે તે ક્ષેત્રમાં વધુ આક્રમક રીત અપનાવવાની જરૂર છે. તેને હોટસ્પોટ ન બનવા



દેવા જોઈએ, જેનાથી તે અન્ય ક્ષેત્રમાં ફેલાય શકે છે. મહત્વનું છે કે દેશમાં કોરોનાના નવા કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સવારે આઠ કલાકે જારી કરવામાં આવેલા આંકડા અનુસાર દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૮૭૮૬ નવા કેસ સામે આવ્યા અને ૧,૦૦૫ લોકોના મૃત્યુ થયા છે. ૬૧૫૮૮ લોકો ડિસ્ચાર્જ થયા છે. એક્ટિવ કેસની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે. દેશમાં આજની તારીકે એક્ટિવ કેસની સંખ્યા ૫ લાખ ૨૩ હજાર છે.

## કોવિશિલ્ડ રસી લેનારા યુરોપનો પ્રવાસ કરી શકશે

**કોવિશિલ્ડ અને કોવેક્સિનને મંજૂરી માટે ભારતે યુરોપિન સંઘને ચેતવણી આપી હતી જેના પગલે આ મંજૂરી અપાઈ**

નવી દિલ્હી, તા. ૧

ભારતીય કોરોના વેક્સિન કોવિશીલ્ડની રસી લેનારા હવે યુરોપની યાત્રા કરી શકશે. સ્વિટ્ઝરલેન્ડ સહિત યુરોપિયન યુનિયનના સાત દેશો ઓસ્ટ્રિયા, જર્મની, સ્લોવેનિયા, ગ્રીસ, આઈલેન્ડ, આયર્લેન્ડ, સ્પેને કોવિશીલ્ડ રસીને મંજૂરી આપી દીધી છે. યુરોપિયન યુનિયનને ભારતે ચેતવણી આપી હતી. ભારત સરકારે યુરોપિયન સંઘને ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે, યુરોપિયન યુનિયન કોવિશીલ્ડ અને કોવેક્સિનને મંજૂરી આપે, નહીંતર યુરોપીયન નાગરિકો માટે દેશમાં ક્વોરન્ટાઈનના નિયમ લાગુ કરાશે. ભારત સરકારે યુરોપના ૨૭ દેશોને કહ્યું હતું કે, તે જુદા-જુદા સ્તરે ભારતમાં વેક્સિન લગાવી ચૂકેલા લોકો માટે ગ્રીન પાસ જારી કરે. સરકારના કડક વલણ બાદ હવે યુરોપના દેશોએ ભારતની વેક્સિનને મંજૂરી આપી છે.

કોરોના મહામારીને પગલે



યુરોપિયન યુનિયન પોતાના દેશમાં આવનારા લોકો માટે ગ્રીન પાસ જારી કરી રહ્યું છે. આ ગ્રીન પાસ તે લોકોને મળે છે જે વેક્સિન લઈ ચૂક્યાં છે. ગ્રીન પાસને લીધે કોવેક્સિન અને કોવિશીલ્ડ લઈ ચૂકેલાં ભારતીયોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો.

જે મુસાફરોને ગ્રીન પાસ મળી ચૂક્યાં છે તે કોઈપણ પ્રતિબંધ વગર યુરોપિયન યુનિયનમાં યાત્રા કરી શકે છે. યુરોપિયન યુનિયને ગ્રીન પાસ માટે માત્ર ચાર વેક્સિનને મંજૂરી આપી છે.

## મમતાએ મોદી-શાહ સહિત મહાનુભાવોને કેરી મોકલી

નવી દિલ્હી, તા. ૧

કેન્દ્રની મોદી સરકાર સાથે મમતા બેનરજીના અત્યાર સુધીના સબંધો સારા રહ્યા નથી. તેમાં પણ બંગાળમાં ચૂંટણી બાદ શરૂ થયેલા રાજકીય હિંસાના દોરમાં ભાજપના કાર્યકરોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન મમતા બેનરજીએ હવે સીએમ બન્યા બાદ પીએમ મોદીને કેરીનો કરંડિયો ભેટ મોકલી આપ્યો છે. મળતી જાણકારી પ્રમાણે બંગાળમાં થતી તમામ પ્રકારની કેરીઓની ભેટ પીએમ મોદીને મોકલવામાં આવી છે. જેમાં હિમસાગર, માલદા અને લક્ષ્મણભોગ કેરીનો સમાવેશ થાય છે. આ સિવાય રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રક્ષામંત્રી અને ગૃહમંત્રી અમિત શાહને પણ કેરી મોકલવામાં આવી છે.

## ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન મુલાયમ સિંહની તબિયત લથડી

લખનઉ,તા.૧

સમાજવાદી પાર્ટીના સરંક્ષક મુલાયમસિંહ યાદવની તબિયત ગુરુવારે અચાનક કથળી હતી. આ દરમિયાન તેમને બેચેનીના લીધે ગુરુગ્રામની મેદંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં તેમની તપાસ ચાલી રહી છે. અહીંથી જ તેમણે ૨૩ દિવસ પહેલા કોરોના રસીનો પ્રથમ ડોઝ લીધો હતો.

સમાજવાદી પાર્ટીના સંરક્ષક મુલાયમસિંહ યાદવની તબિયત લથડતાં તેમને ગુરુગ્રામની મેદંતા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ગુરુવારે મુલાયમસિંહ યાદવે બેચેનીની ફરિયાદ કરી હતી. તેમની શારીરિક અને સામાન્ય ટેસ્ટ કરવામાં આવ્યો હતો . એસપી વરિષ્ઠ નેતા લાંબા સમયથી બીમાર હતા. ૮૨ વર્ષિય મુલાયમસિંહ યાદવને ૭ જૂન એટલે કે ૨૩ દિવસ પહેલા કોરોના રસી લીધી હતી. મુલાયમસિંહ ઘણીવાર પેટમાં દુઃખની ફરિયાદ કરી હતી. તાજેતરના સમયમાં તેમને ઘણી વખત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## ઝાયડસે પોતાની રસી માટે DCGI પાસે મંજૂરી માગી

**દેશને વધુ એક સ્વદેશી વેક્સિન મળશે : રસી ટ્રાયલનો ત્રીજો તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને તેમાં ૨૮,૦૦૦થી વધુ સ્વયંસેવકો સામેલ થયા હતા**

અમદાવાદ,તા.૧

કોરોના સામેની લડાઈમાં દેશવાસીઓને વધુ એક સ્વદેશી




રસી મળશે. ઝાયડસ કેડિલાએ પોતાની રસી ઝાયકોવ-ડી માટે ડીસીજીઆઈની મંજૂરી માંગી છે. પોતાની રસી ઝાયકોવ-ડીના ઈમરજન્સી ઉપયોગ માટે ઝાયડસે માગી મંજૂરી માંગી છે. ૧૨ વર્ષથી વધુ વયના તમામ લોકો માટે આ રસીનો ઉપયોગ થાય તેવી શક્યતા છે. ઝાયડસે માંગેલી મંજૂરીમાં ૧૨ વર્ષથી વધુ વયના તમામ લોકોનો સમાવેશ થાય છે. ડીસીજીઆઈની મંજૂરી મળ્યા બાદ આગામી દિવસોમાં રસીને માર્કેટમાં ઝાયડસ કંપની ઉપલબ્ધ કરાવશે. ઝાયડસની રસી પહેલી ડીએનએ બેઝ રસી છે. જેની મંજૂરી હાલ માંગવામાં આવી છે. ઝાયડસની રસીને મંજૂરી મળશે એટલે એ દેશમાં ઉત્પાદન થતી ચોથી રસી બનશે. રસી ટ્રાયલનો ત્રીજો તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને તેમાં ૨૮,૦૦૦થી વધુ સ્વયંસેવકો સામેલ થયા હતા. ડીસીજીઆઈની મંજૂરી મળ્યા બાદ ભારત બાયોટેકની કોવેક્સીન પછી આ બીજી સ્વદેશી રસી હશે. આ કોરોના વાયરસ સામે વિશ્વની પ્રથમ ડીએનએ રસી પણ હશે.

## દુનિયાના ટોપ-૨૦ ધનિક લોકોની યાદીમાં ગૌતમ અદાણીની એક્ઝિટ

**અદાણીની નેટવર્થમાં ૧૭ દિવસમાં ૧૭ અબજ ડોલરનો ઘટાડો : અદાણી ગ્રુપની છમાંથી ૩ કંપનીના શેરના ભાવમાં કડાકો : અદાણીની સંપત્તિમાં ૧.૨૮ લાખ કરોડનું ધોવાણ**

નવી દિલ્હી, તા. ૧

અદાણી ગ્રૂપના માલિક ગૌતમ અદાણીની ૬ મુખ્ય કંપનીઓ પૈકી ૩ કંપનીઓના શેરના ભાવ સતત ગગડી રહ્યા છે.

બુધવારે આ ગ્રૂપની બીજી કંપનીઓને પણ નુકસાન થયુ હતુ. જેની અસર ગૌતમ અદાણીની નેટવર્થ પર પણ પડી રહી છે. એક મીડિયા ગ્રૂપના રિપોર્ટ પ્રમાણે અદાણીની નેટવર્થ હવે ૫૯.૭ અબજ ડોલર રહી છે. શેરના ભાવમાં સતત થઈ રહેલા ઘટાડાના કારણે તેમની નેટ વર્થમાં ૧૭



દિસમાં ૧૭ અબજ ડોલરનો ઘટાડો થયો છે.રૂપિયામાં ગણીએ તો તેમની સંપત્તિમાં ૧.૨૮ લાખ કરોડ રૂપિયાનુ ધોવાણ થયુ છે.જેના પગલે તેઓ દુનિયાના ટોપ ૨૦ ધનિક લોકોની યાદીમાંથી પણ બહાર નીકળી ગયા છે.

રિપોર્ટ પ્રમાણે અદાણી ધનિકોના લિસ્ટમાં પહેલા ૧૯મા ક્રમે હતા.હવે તેઓ ૨૧મા ક્રમે જતા રહ્યા છે.અદાણી ગ્રૂપની તમામ ૬ કંપનીઓના શેરના ભાવમાં બુધવારે ઘટાડો જોવા મળ્યો હતો.

## કોરોનાથી સાજા થયેલાને વેક્સિનનો માત્ર એક ડોઝ પૂરતો : ICMR

ન્યુ દિલ્હી,તા.૧

કોરોના સંક્રમણમાંથી સાજા થનારા લોકો માટે કોરોના વેક્સિનનો માત્ર એક જ ડોઝ પૂરતો છે. સંક્રમણના કારણે આ લોકોમાં એન્ટીબોડી વિકસિત થાય છે જેને કોવિશીલ્ડ વેક્સિનનો એક ડોઝ આપ્યા બાદ વધારી શકાય છે. આવા લોકોને વેક્સિનના ૨ ડોઝ આપવાની જરૂર નથી. વૈજ્ઞાનિકોએ આસામ અને જમ્મુ કાશ્મીરની તબીબી સંસ્થાઓ ખાતે થયેલા અભ્યાસના આધાર પર આ સલાહ આપી છે.

● અનુસંધાન પાન-૭ પર




